


# અમે કોરોના મૃતકોના આંકડા છુપાવ્યા નથી : મનીષ સિસોદીયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં આજે પત્રકારોને સંબોધતા દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયાએ જણાવ્યું હતું કે અમે કોરોના મૃતકોના આંકડા છુપાવ્યા નથી, ગુજરાતમાં ભાજપે કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીઓના આંકડા છુપાવ્યાં છે, જે ઘરમાં કોરોનાથી વ્યક્તિ મૃત્યુ પામી છે તેના પડખે રહેવાને બદલે ગુજરાતની બેશરમ અને નકામી સરકારે કહી દીધું કે તમારા ઘરમાં કોરોનાથી મૃત્યુ થયાંની અમને ખબર નથી. ગુજરાતમાં હાઈકોર્ટે પણ ટકોર કરી છે.

ગાંધીનગરમાં સંપૂર્ણ બહુમતી સાથે જીત મેળવવાનો દાવો કરતા મનીષ સિસોદીયાએ જણાવ્યુ હતુ કે ''જ્યારે દિલ્હીમાં પહેલીવાર આમ આદમી પાર્ટીને જીતાડવા માટે જે લહેર મેં જોઈ હતી તેનાથી મોટી લહેર હું આજે ગાંધીનગરમાં જોઈ રહ્યો છું. ગાંધીનગરનું નહી ગુજરાતની જનતામાં ગુસ્સો છે, ભાજપ પ્રત્યે વિશ્વાસ ખોઈ ચુકી છે. ભાજપ પર વિશ્વાસ પહેલા પણ નહોતો પરંતુ સામે વિકલ્પ કોંગ્રેસ જ હતો અને કોંગ્રેસને આપેલો વોટ પણ કોંગ્રેસે ભાજપની ઝોળીમાં નાંખી દીધો. કોંગ્રેસે હંમેશા જનતા સાથે ગદ્દારી કરી છે. આ સાથે મનીષ સિસોદીયાએ ગાંધીનગરમાં પૂર્ણ બહુમતી સાથે સત્તા હાંસલ કરવા બાબતે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



## પૂ. મહંત સ્વામીનો સંદેશ ''સારા બનવું મોટી વાત'' લઈને જઈશ

આજે ગાંધીનગર સંવાદ કાર્યક્રમના અંત ભાગમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયાએ જણાવ્યુ હતું કે ''તેઓ જ્યારે અક્ષરધામમાં દર્શન કરવા ગયા ત્યારે મંદિરના સંતે તેમના કાનમાં પૂ. મહંત સ્વામીએ પાઠવેલો સંદેશો કીધો હતો. આ સંદેશ એવો હતો કે ''મોટા બનવું સારૂ છે પરંતુ સારા બનવું મોટી વાત છે.'' હું આજે ગાંધીનગરથી પૂ. મહંત સ્વામીનો આ સંદેશ લઈને દિલ્હી પરત ફરીશ. અત્રે ઉલ્લેખનીય છે કે આજે સવારે મનીષ સિસોદીયા ગાંધીનગર આવીને સૌથી પહેલા અક્ષરધામ ખાતે દર્શન કરવા ગયાં હતા.

## રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨૦ કેસ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨૦ કેસ નોંધાયા છે. રાહતની વાત છે કે આ દરમિયાન એકપણ દર્દીના મૃત્યુ થયા નથી. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ દર્દીઓ સાજા થયા છે. નવા કેસની સાથે રાજ્યમાં કુલ કેસની સંખ્યા ૮ લાખ ૨૫ હજાર ૯૧૬ થઈ ગયા છે.





સેક્ટર-૨૪ અને સેક્ટર-૨૨ ખાતે મોડી સાંજે ભાજપની ચૂંટણી પ્રચાર સભાઓ યોજાઈ હતી. સેક્ટર-૨૪ ખાતે ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ, રજનીકાંત પટેલ, અમીત ઠાકર તથા અગ્રણીઓએ સભાને સંબોધી હતી. જ્યારે સેક્ટર-૨૨ ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સંબોધન કર્યું હતું.

## અમદાવાદની શિક્ષિકા દર્શના પટેલે રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું ગૌરવ વધાર્યું

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં આવેલ ગેરતપુર પ્રાથમિક શાળાના શિક્ષીકા દર્શનાબેન પટેલે રાષ્ટ્રીય સ્તરની ચક્ર ફેંક રમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને સિલ્વર મેડલ પોતાના નામે અંકિત કર્યો છે. હરિયાણાના કર્નાલ જીલ્લાના કર્ણ સ્ટેડિયમ ખાતે તાજેતરમાં યોજાયેલ ઓલ ઈન્ડીયા સિવિલ સર્વિસ એથલેટીક ચેમ્પિયનશિપ ૨૦૨૦-૨૧માં તેઓએ આ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. અમદાવાદ જીલ્લાના દશક્રોઈ તાલુકાની ગેરતપુર પ્રાથમિક શાળામાં શિક્ષકા તરીકે ફરજ બજાવતા દર્શના પટેલે ઓલ ઈન્ડીયા સિવિલ સર્વિસ એથલેટીક ચેમ્પિયનશિપ ૨૦૨૦-૨૧માં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચક્ર ફેંક સ્પર્ધામાં ભાગ લીધો હતો. દર્શના પટેલે પોતાનું અત્યાર સુધીનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરીને આ ચેમ્પિયનશિપની ચક્ર ફેંક સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો હતો. પ્રાથમિક શિક્ષીકાએ ઓલ ઈન્ડીયા સિવિલ સર્વિસ એથલેટીક ચેમ્પિયનશિપમાં સૌ પ્રથમ વખત ચક્ર ફેંક સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવીને ગુજરાતના શિક્ષણ વિભાગમાં એક નવો ઈતિહાસ રચીને ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. દર્શના પટેલ શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત અનેક લોકોને રમત ગમતની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહીત કરીને જરૂરી માર્ગદર્શન પણ આપી રહ્યા છે.

### કોરોના મહામારીની કપરી પરિસ્થિતિમાં

## ગાંધીનગર સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા શિક્ષણની ઉત્કૃષ્ઠ ગુણવત્તા જાળવી રખાઈ


ડાભી નિરજકુમાર મગનલાલ


ચૌધરી દર્શિત ભાણજીભાઈ


પટેલ નિધિબેન રજનિકાંતભાઈ


ચાવડા દિવ્યરાજસિંહ ચેતનસિંહ


પ્રજાપતિ પ્રિયંકા પ્રદિપભાઈ


શિતલ કડુબા ગુડધે

તાજેતરમાં જ ગુજરાત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ ના B.Sc. ના છેલ્લા વર્ષના સેમેસ્ટર ૬ ની પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવ્યા. કોરોના મહામારીની કપરી પરિસ્થિતિમાં સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર ૧૫, ગાંધીનગરના પ્રત્યેક વિષયના તમામ અધ્યાપકો દ્વારા ICT નો મહત્તમ ઉપયોગ કરીને MS TEAM પ્લેટફોર્મના ઉપયોગ દ્વારા ઓનલાઈન શૈક્ષણિક કાર્ય ખુબ જ સુંદર રીતે કરાવવામાં આવ્યું હતું. પરિણામ સ્વરૂપ વિદ્યાર્થીઓએ પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્કૃષ્ઠ પરિણામ મેળવવાનો સીલસીલો જાળવી રાખ્યો છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રત્યેક સેમેસ્ટરના પરિણામોની સાથે જે – તે સેમેસ્ટરમાં યુનિવર્સિટી કક્ષાએ યુનિવર્સિટીની એક્ષટર્નલ પરીક્ષામાં સર્વોત્તમ પરિણામ મેળવતા ટોપ ૫૦ વિદ્યાર્થીઓની યાદી પણ જાહેર કરવામાં આવતી હોય છે. પ્રત્યેક વર્ષની જેમ આ વર્ષે પણ સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના ૬ જેટલા વિદ્યાર્થીઓએ B.Sc. સેમેસ્ટર ૬માં યુનિવર્સિટી કક્ષાએ શ્રેષ્ઠત્તમ એવા ટોપ ૫૦ વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કરીને સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા જુન-જુલાઈ ૨૦૨૧માં લેવાયેલ B.Sc. સેમેસ્ટર ૬ ની પરીક્ષામાં સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનું ૮૮.૬૮ % પરિણામ આવ્યું છે.

કોલેજના સેમેસ્ટર ૬ ના તમામ વિષયના મળીને ૨૩.૩૩ % વિદ્યાર્થીઓએ ફર્સ્ટ કલાસ વિથ ડિસ્ટિંક્શન (I-Distinction) માર્ક્સ મેળવ્યા છે, જયારે ૪૧.૧૧ % વિદ્યાર્થીઓએ ફર્સ્ટ કલાસ માર્ક્સ મેળવ્યા છે. આમ, કુલ ૬૪.૪૪ % વિદ્યાર્થીઓ ડિસ્ટિંક્શન અને ફર્સ્ટ કલાસ માર્ક્સ સાથે ઉત્તિર્ણ થઈને સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

### સાંબેલાધાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યા છે. જિલ્લામાં એક એનડીઆરએફની ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. તો બીજી તરફ, અધિકારીઓને હેડક્વાટર્સ ન છોડવાની સૂચના અપાઈ છે. વલસાડ શહેરમાં ૬.૫ ઈંચ અને કપરાડા તાલુકામાં ૬ ઈંચ વરસાદ ખાબકી ચૂકયો છે. ત્યારે આજે પણ સવાર બાદ પણ જિલ્લાના અનેક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદને પગલે વલસાડ શહેરના છીપવાડ અને મોગરાવાડી રેલવે ગરનાળામાં પાણી ભરાઈ જતા રાહદારીઓ અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ભારે વરસાદથી જિલ્લાના તમામ નદી-નાળાઓ બે કાંઠે વહી રહ્યા છે. ગઈ મોડીરાત્રે વલસાડ શહેરમાં ધોધમાર વરસાદને કારણે શહેરના નીચાણવાળા કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. તો શહેરની રોજીંદી સમસ્યા સમાન છીપવાડ અને મોગરાવાડી રેલવે ગરનાળામાં પાણી ભરાઈ જતા વહેલી સવારે નોકરી ધંધે જતા રાહદારીઓ અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. આમ જિલ્લાના તમામ તાલુકાઓ વલસાડ, કપરાડા, ધરમપુર, પારડી, વાપી અને ઉંમરગામ તાલુકામાં પણ વરસાદ વરસ્યો હતો. ચોમાસામાં ડાંગ જિલ્લો વરસાદના પાણીથી સોળે કળાએ ખીલી જાય છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ડાંગમાં ભારે વરસાદ વરસ્યો છે. જિલ્લાના સુંદર હિલસ્ટેશન સાપુતારામાં ૧૦.૭૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે આહવામાં ૬.૫૨ ઈંચ વરસાદ નોંધાયો છે. વરસાદને કારણે જિલ્લાની અંબિકા, પૂર્ણા, ખાપરી અને ગીરા નદીમાં ઘોડાપુર આવી ગયુ છે. જિલ્લાના ૧૪ જેટલા લો લેવલ કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયા છે. જિલ્લાના ૧૪ લો લેવલ કોઝવે પાણીમાં ગરકાવ થવાને કારણે વહીવટી તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. અંબિકા નદીમાં પૂરની સ્થિતિને લઈ નવસારી જિલ્લાના ઘણા ગામો પણ પ્રભાવિત થયા છે. ડાંગમાં ભારે વરસાદના કારણે નદીઓ ગાંડીતૂર બની છે. ૨૪ કલાકમાં સાપુતારામાં ૧૦.૭૨ ઈંચ વરસાદ, આહવામાં ૬.૫૨ ઈંચ, વઘઈમાં ૫ ઈંચ, સુબિરમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે. જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. પરંતુ કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલ્યું છે. મંગળવારે દિવસ દરમિયાન ગુજરાતના ૪૫થી વધુ તાલુકામાં અડધા ઈંચથી વધુ વરસાદ નોધાયો હતો. જેમાં ડાંગમાં સૌથી વધુ ૩, નવસારીના ગણદેવી-વાંસદા- ભરૂચના હાંસોટ-વડોદરામાં ૨.૧૬, ડાંગના વઘઈમાં ૧.૮૫, સુરતના મહુવામાં ૧.૮૧, આણંદના ખંભાત-સુરતના પલસાણા-છોટા ઉદેપુરના નસવાડીમાં ૧.૫૭ ઈંચ સાથે સૌથી વધુ વરસાદ ખાબક્યો હતો. આ સિવાય અન્યત્ર જ્યાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો તેમાં બારડોલી, છોટા ઉદેપુર, વાલોદ, તારાપુર, ગરૂડેશ્વર, આંકલાવ, ચીખલી, સોનગઢ, નીઝર, વાપીનો સમાવેશ થાય છે.

### અપીલ કરાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હમીદુલ્લાહની સહી છે. પત્રમાં ભારતમાં ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનના ચીફ અરૂણ કુમારને સંબોધીને કહેવાયુ છે કે, તમે જાણો છો કે અમેરિકન સૈનિકો દેશ છોડીને ગયા ત્યારે એરપોર્ટને નુકસાન પહોંચડતા ગયા છે. કતાર દ્વારા મળેલી ટેકનિકલ સહાયથી એરપોર્ટ ફરી કામ કરી રહ્યુ છે. આ પત્ર લખવાનો ઉદ્દેશ બંને દેશો વચ્ચે લોકોની અવર જવર શરૂ કરવાનો છે.

અમારી નેશનલ એરલાઈને પોતાની ફ્લાઈટો અગાઉની જેમ જ ચલાવવાનુ લક્ષ્ય રાખ્યુ છે. એટલે તમે કોમર્શિયલ ફ્લાઈટના સંચાલનમાં મદદ કરો તેવી અપેક્ષા છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ અફઘાનિસ્તાન છોડયુ તે પછી ભારતે પોતાના નાગરિકોને ત્યાંથી બહાર કાઢ્યા હતા અને એ બાદ હવાઈ સેવા પર રોક લગાવી દીધી હતી.

### એક એક પૈસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે તો તે ભાજપ બાબતે શરમજનક છે. આ મોટી નિષ્ફળતા છે. અમે ગાંધીનગરમાં સત્તામાં આવીશું તો મહોલ્લાં ક્લિનિકથી આગળ વધીને ગાંધીનગરના વરિષ્ઠ નાગરિકો માટે ડોર સ્ટેપ સુધી જાય તેવાં મોબાઈલ ક્લિનિકની નિઃશુલ્ક વ્યવસ્થા કરીશું જે પ્રાથમિક સારવાર કે ચેકઅપ કરી આપશે.

**પ્રશ્ન : (ડો.જીગર પટેલ) : ગાંધીનગરમાં ગટર, પાણી, રોડ-રસ્તા જેવી પાયાની સુવિધાઓ મળશે?**

જ: ગાંધીનગરના નાગરિકોના મનમાં પાયાની સારી સુવિધાઓ માટે સ્વપ્ન છે, અત્યાર સુધી ભાજપે તે પુરુ નથી કર્યુ કેમકે નિયત નહોતી. હકિકતમાં પાયાની સુવિધાઓની જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશનની છે. ગાંધીનગરમાં પ્રજાના પરસેવાનો એક એક પૈસો ઈમાનદારીથી વપરાશે તેનું હું વચન આપું છું. જેમ દિલ્હીમાં અમારી નિયત હતી એટલે અમે કરી શક્યા તેમ ગાંધીનગરમાં પણ કરીશું.

**પ્રશ્ન : (સંજય સુખડીયા - વેદ ઇન્ટરનેશનલ સ્કૂલ) એવું સાંભળ્યું છે કે દિલ્હીમાં કોઇ અકસ્માત થાય છે ત્યારે તેમાં ઇજાગ્રસ્તને દિલ્હી સરકાર નિઃશુલ્ક સારવાર આપે છે, શું તેવું ગાંધીનગરમાં પણ શક્ય છે?**

જ. : દેશમાં ક્યાંય પણ અકસ્માત થાય તો ઘાયલની પીડા તો સૌને દેખાય છે પરંતુ નાગરિકોને ડર રહે છે કે હું ઘાયલને હોસ્પિટલ લઈ જઈશ તો પોલીસનું લફરું થશે, દવાખાનામાં મારે પૈસા આપવા પડશે વગેરે.. દિલ્હીમાં અમારી યોજના અનુસાર કોઈપણ વ્યક્તિને માર્ગ અકસ્માત થાય તો ઈજાગ્રસ્તને હોસ્પિટલ લઈ જનારને સરકાર ઈનામ આપે છે કેમકે તે તો દેવદૂત છે. વળી ઘાયલની સઘળી જવાબદારી સરકારની છે તેથી તેની સારવારનો ખર્ચ સરકાર ઉપાડે છે. જો અમે સત્તામાં આવીશું તો ગાંધીનગરમાં અને ગુજરાતમાં આવીશું તો રાજ્યમાં પણ આ યોજના લાગું પાડીશું.

**પ્રશ્ન : (રમેશ પટેલ-કેપિટલ ઓફસેટ) ગાંધીનગરમાં નવા સીમાંકન પછી જે ગામો ઉમેરાયાં છે તેમાં મર્યાદિત બજેટમાં કેવી રીતે વિકાસ કરશો?**

જ. સરકારો પાસે પૈસાની અછત નથી હોતી, પ્રજા પાસે હોય છે. નાગરિકો તો મીઠાંની થેલી કે માચીસ ખરીદે તો પણ ટેક્ષ ચુકવે છે, જે ટેક્ષના પૈસા આવે તેને પ્રમાણિકતાથી વાપરવામાં આવે તો પણ પૈસા વધે છે. દિલ્હીમાં જોડાયેલાં દરેક ગામોને અમે ખાસ બજેટ આપવાનું શરૂ કર્યુ છે, તેથી ગાંધીનગરમાં જોડાયેલાં ગામો માટે પણ અમે ખાસ બજેટ ફાળવીશું.

### લવલી મોસમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હિલ સ્ટેશન જેવુ બન્યુ હતુ. નગરજનોએ પણ વરસાદી મોસમની મજા માંણી હતી. સાંજના સમયે આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસી પડયા હતા. રીમઝીમ વરસાદના લીધે શહેરમાં ચોમેર પાણી ભરાઈ ગયા હતા. એકબાજુ શહેરમાં કોર્પોરેશનની ચુંટણીનો રંગ જામ્યો છે. ત્યારે ચુંટણી પ્રચારમાં લાગેલા વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો માટે પણ વરસાદી વાતાવરણ વિલન બન્યુ હતુ. ચુંટણી પ્રચારના બોર્ડસ અને હોર્ડીગ્સ પણ વરસાદી વાયરાના લીધે જમીનદોસ્ત થયેલા નજરે પડયા હતા. ગાંધીનગરમાં સિઝનનો અંદાજિત ૧૫ ઈંચ જેટલો વરસાદ થયો છે. જયારે આજે પણ દિવસ દરમિયાન વરસાદી ઝાપટા યથાવત રહ્યા હતા. ગુજરાત પર મંડરાયેલા વાવાઝોડના ખતરાના લીધે રાજયના વિવિધ ૨૦ જિલ્લાઓમાં એલર્ટ જાહેર કરાયુ છે. જયારે હજુ આગામી દિવસોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી છાંટણા વચ્ચે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા દિવસની તડકી છાયડીના અંતે ઉકળાટનુ પ્રમાણ વધ્યુ હતુ જેના લીધે નગરજનો દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટ અનુભવતા હતા પરંતુ ગઈકાલ રાત્રિના સમયથી વાતાવરણમાં એકાએક બદલાવા આવતા આજે દિવસ દરમિયાન પણ સતત વાદળિયા વાતાવરણ વચ્ચે સુસવાટા મારતો ઠંડો પવન ફુંકાતા નગરજનોએ ખુશ્નુમા વાતાવરણની મજા માંણી હતી.

### ૪૮ કલાક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભીંજાતા-પલળતા પ્રચારના કાર્યમાં સતત ઓતપ્રોત રહ્યા હતા. ભાજપ અને 'આપ'ના કાર્યકરોના મોટા ટોળા સેક્ટરોની ગલીએ ગલીએ ફરતા નજરે પડતાં હતા. ત્યારે ભાજપના પ્રદેશના કસાયેલા નેતાઓ દરેક વોર્ડવાઈઝ જવાબદારીઓ સોંપાતા દાજેલા દુભાયેલા સૌને એક કરવાની કામગીરી સતત ચાલતી રહી અને સંકલ્પ સિદ્ધિ પત્રના વિમોચનમાં મહાનગરના છવ્વીસે છવ્વીસ નેતાઓ હાજર રખાવવામાં પ્રભારી અમિત ઠાકર સફળ રહ્યા હતા. જ્યારે આમ આદમી પાર્ટીના જન સંવાદ કાર્યક્રમની ચર્ચાઓ પણ શહેરમાં વ્યાપક રીતે સાંભળવા મળતી હતી. બુધવારનો દિવસ ઘોંઘાટનો પણ લાગ્યો. આખો દિવસ રીક્ષાઓ અને ગાડીઓમાં ત્રણેય પક્ષના ચૂંટણી પ્રચારની કેસેટો સતત ગાજતી રહી. શહેરના મુખ્ય માર્ગો પર માર્ગોની બન્ને બાજુ પ્રચાર સાહિત્યનું વિતરણ કરતાં 'આપ'ના કાર્યકરોની ચર્ચા પણ ઠેરઠેર સાંભળવા મળી. કોંગ્રેસ હજુ પણ જુની રીતરસમોથી જ પ્રચાર અભિયાન કરી રહી છે. પણ છેક છેવાડા સુધી કોંગ્રેસના કાર્યકરો પહોંચી રહ્યાના અહેવાલો પણ અખબારો સુધી પહોંચ્યા છે. હજુ મહાનગરનો તટસ્થ મતદાર નિર્ણાયક નથી બન્યો. મત કોને આપવો..?! કયા પક્ષને આપવો ..?! ગઈકાલના કામોને આપવો..?! કે આવતીકાલના સ્વપ્નોને આપવો એ મુંઝવણ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. ત્રણેય પક્ષના કમિટેડ વોટ સિવાય કોઈ પક્ષ સાથે સંકળાયા નથી એવા મતદાર આગામી બે-ત્રણ દિવસમાં નિર્ણય કરશે અને એ નિર્ણય પરિણામનો પાયો બનશે. હજુ પણ કોઈ ચોક્કસ ધારણા ઉપર પહોંચી શક્યું નથી કે કયા પક્ષને કેટલી બેઠકો મળશે. તમામ ચર્ચાઓ જો અને તો ઉપર ચાલે છે. હા એ વાત ચોક્કસ છે કે પાનના ગલ્લાઓ કે શોપીંગ સેન્ટરોના ચોક કે બહેનોની આડોશ પાડોશની વાતોમાં સતત મહાનગરનો જંગ છલકે છે અને દરેક મતદાર પોત પોતાનું મુલ્યાંકન રજુ કરતાં હોય છે તેના આધારે જ માહોલ બનતો હોય છે.